બિન સરકારી માધ્ય./ઉ.માધ્ય.શાળાઓમાં શિક્ષણ સહાયક, લેબોરેટરી સહાયક અને સાથી સહાયકની ભરતી કરવા અંગે.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૦૬/૧૪૨૨/ગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- ૨૮ જાન્યુઆરી ૨૦૦૮.

સંદર્ભ:- (૧) શિ.વિ.નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૯૯/૭૪૧(૨)/ગ તા.૨/૭/૧૯૯૯
(૨) ના.વિ.નો ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭/ઝ ૧/તા.૧૬/૨/૨૦૦૬.

**આમુખ:-**

શિક્ષણ વિભાગના સંદર્ભમાં દર્શાવેલ તા.૨/૭/૧૯૯૯ ના ઠરાવથી બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક જગ્યાઓ ઉક્ત ઠરાવમાં દર્શાવેલ શરતોને આધીન ૧:૩ના પ્રમાણમાં પુરા પગાર/સહાયક સંવર્ગમાં ભરતી કરતા ઠરાવવામાં આવેલ છે.

નાણા વિભાગના સંદર્ભમાં દર્શાવેલ તા.૧૬/૨/૨૦૦૬ ના ઠરાવ અન્વયે રાજ્ય સરકારની વિવિધ સેવાઓ/નોકરીઓમાં ખર્ચ ઉપરના કાપના હેતુથી નવી ભરતીઓ સંપુર્ણપણે બંધ ના થાય અને રાજ્યની તિજોરી ઉપર આયોજન બહારનો ખર્ચ પણ અંકુશમાં રહે તેવા ઉમદા ઉદ્દેશને પુર્ણ કરવા રાજ્ય સરકારની/બોર્ડ/કોર્પોરેશન/ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓમાંની વર્ગ-૩ અને વર્ગ-૪ ની તમામ જગ્યાઓ પાંચ વર્ષના સમયગાળા માટે ઠરાવમાં દર્શાવેલ માસિક ફિક્સ પગારના અજમાયશી તરીકે જ ભરવાનું ઠરાવવામાં આવેલ છે. નાણા વિભાગના ઉક્ત ઠરાવમાંથી છુટછાટ આપીને શિક્ષણ વિભાગના સંદર્ભિત તા.૨/૭/૯૯ ના ઠરાવ મુજબ ૧:૩ રેશિયા મુજબ ભરતી ચાલુ રાખવા તેમજ તદઅન્વયે નિયત કરવામાં આવેલ માસિક ઉચ્ચક માનદ વેતનના દરો યથાવત રાખવાની બાબત નાણા વિભાગ સાથે પરામર્શમાં હતી. પુખ્ત વિચારણાને અંતે બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની તમામ જગ્યાઓ ભરવા અંગે આથી નીચે ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:-**

(૧) શિક્ષણ વિભાગના તા.૨/૭/૯૯ ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૯૯-૭૪૧(૨)ગ, સાથે સામેલ પરિશિષ્ટ-૩ પ્રમાણે ૧:૩ ના પ્રમાણમાં ફક્ત શિક્ષણ સહાયકની જગ્યાઓ ભરવાનું યથાવત ચાલુ રાખવામાં આવે છે.

(૨) નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ ના ઠરાવ બાદ નિમણુંક કરવામાં આવેલ શિક્ષણ સહાયકને નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ ના ઠરાવની જોગવાઇઓને ધ્યાને લઇને તે પ્રમાણે ફિક્સ પગાર ચુકવવાનો રહેશે.

(૩) નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ના ઠરાવ અગાઉ જે શિક્ષણ સહાયકોને વિભાગના તા.૨/૭/૧૯૯૯ ના ઠરાવ પ્રમાણે નિમણુંક આપેલ છે તેવા કિસ્સામાં તારીખ ૨/૭/૧૯૯૯ ના ઠરાવની જોગવાઇઓ પ્રમાણે ફિક્સ પગાર ચાલુ રહેશે.

...૨...

(૪) વિભાગના તા.૨/૭/૧૯૯૯ ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

(૫) તા.૧૬/૨/૨૦૦૬ બાદ કરવામાં આવેલ તમામ સહાયકોની નિમણુંકોમાં નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ના ઠરાવની બોલીઓ અને શરતો લાગુ પડશે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ ૨/૧/૨૦૦૮ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(જે.એ.મેકવાન)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ